હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

શું કરું ? મારુ જ ને...!! એક તો ઘેરી માટે તુવેરની દાળ લેવા નીકળ્યો છું... અને રસ્તામાં મને ઉભો રાખી પુછે કે... આપણને અનામત મળશે કે નહીં...!!

સે. ૧૯ નજીક જ-માર્ગે અધિકારીઓના પાલતુ કૂતરાઓનો ત્રાસ

વહેલી સવારે મોર્નિંગ વૉક લેવા નીકળેલી મહિલાને પાછળ પડતાં દોડીને બાઈકસવાર પાછળ બેસી જવું પડ્યું : આમ છતાં કૂતરાએ પીછો ના છોડતા કારમાં પુરાઈ જવું પડ્યું : દરરોજ આ કૂતરાઓ સવારે છુટા મુકી દેવાતા હોઈ મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો સહિતના મોર્નિંગ વૉકર્સ ત્રાહિમામ્

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરના વીઆઈપી માર્ગ ગણાતા સે. ૧૯ નજીકના જ-માર્ગ પર કેટલાક રહીશો તેમના પાલતુ કૂતરાં છુટ્ટા મુકી દેતા હોવાથી સવારે ચાલવા નિકળેલા નગરજનોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. તાજેતરમાં એક મહિલાને સતત બીજી વાર એક કૂતરૂ એવું પાછળ પડ્યું કે તેણે બચવા માટે દોડીને એક બાઈક સવારની પાછળ બેસી જવુ પડ્યું હતું. આમ છતાં કૂતરાંએ પીછો ના છોડતા છેવટે મહિલાને આ રોડ પર પાર્ક કરેલી એક કારનો દરવાજો ખોલી તેમાં પુરાઈ જવાનો વારો આવ્યો હતો.

સે. ૧૯ અને સે. ૨૦માં મોટે ભાગે સરકારના આઈએએસ અધિકારીઓના નિવાસસ્થાન આવેલા છે. આ ઉપરાંત મોટે ભાગે સચિવ કક્ષાના અધિકારીઓ અહીં વસી રહ્યાં છે. આ વસાહતીઓમાં કૂતરાં પાળવાનો શોખ ઘણો સામાન્ય જોવા મળે છે. આ પાલતુ કૂતરાંઓમાં આલ્સેશિયન, ડોબરમેન, લાબ્રાડોર, જર્મન શેફર્ડ, પગ, પામેરિયન, રોટ વિલર સહિતના અનેક જાતિના ડોગ્સ જોવા મળી રહ્યાં છે. આમાં કેટલાંક કૂતરાં તો દેખાવે અને સ્વભાવે પણ ખૂંખાર હોય છે. અત્યારે શિયાળાનો સમય ચાલી રહ્યો હોઈ અનેક સ્વાસ્થ્યપ્રેમી જાગૃત નાગરિકો મોર્નિંગ વૉક લેવા આ માર્ગે ચાલવા નિકળે છે. સવારના સમયે સે. ૧૯માં અધિકારીઓના પોતાના પાલતુ કૂતરાં છુટા રાખતા હોવાથી મોર્નિંગ વૉકર્સને જોઈ ભસવાં લાગે છે અને પાછળ પણ પડી જાય છે. આ કારણે ઘણા નગરજનોને આ કૂતરાંઓથી બચવા રીતસર ભાગવુ પડે છે. જેમાં મહિલાઓ, યુવતિઓ અને વરિષ્ઠ નાગરિકો સુદ્ધાંનો સમાવેશ થાય છે. ઘણીવાર તો આ કૂતરાં મોર્નિંગ વૉકર્સને ઘેરી લઈ ભયભીત કરી મુકે છે.

તાજેતરમાં જ એક મહિલા મોર્નિંગ વૉકરને સતત બે વાર આ કૂતરાઓનો ખૂબ કડવો અને ભયાનક અનુભવ થવા પામ્યો હતો. તેની પાછળ એક કૂતરો એટલી હદે પડ્યો હતો કે આ મહિલા દોડીને એક બાઈકસવાર પાછળ બેસી ગઈ હતી. આમ છતાં આ કૂતરાએ પીછો ના છોડતા તેણીને આ માર્ગે પાર્ક કરાયેલ કારમાં પુરાઈ જવાનો વારો આવ્યો હતો. પોતાના માલિક અધિકારીઓ કરતા પણ વધુ તોર દર્શાવતા આ કૂતરાઓથી આ વિસ્તારના રહીશો ત્રાહિમામ્ પોકારી ગયા છે.

ખૂણે ખાંચરેથી...

● સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને પગલે પ્રવાસ કાર્યક્રમો ખોરવાતાં કર્મચારીઓ ગણગણાટ સાથે રોષની લાગણી વ્યક્ત કરી રહ્યા છે.

● જિલ્લામાં ઠંડીનો માહોલ ધીમી ગતિએ જામી રહ્યો છે.

● ગાંધીનગર શહેરમાં છેલ્લા એક સપ્તાહમાં અકસ્માતના વધતા બનાવોને લઈ ચિંતાની લાગણી પ્રવર્તતી જોવા મળી રહી છે.

● ગાંધીનગર શહેરમાં ઠંડીનો માહોલ શરૂ થતાં પાણીના વપરાશમાં ધીમી ગતિએ ઘટાડો થઈ રહ્યો છે.

● પાટનગર યોજનાના અધિક્ષક ઈજનેર શ્રી સી.વી. પટેલની બદલી થઈ છે. તેમના સ્થાને નવા અધિક્ષક ઈજનેર તરીકે શ્રી એમ. આઈ. પટેલ નિમાયા છે.

● જિલ્લામાં દિપાવલી પર્વના આગમનની આડે ગણતરીના દિવસો બાકી છે, પણ બજારમાં હજુ ઘરાકી નીકળી નથી જેથી વેપારીઓ મુંઝવણમાં છે.

આજથી ભાજપ પંચાયત-પાલિકાના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા આરંભશે

ગાંધીનગર, તા. ૧

જિલ્લા તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓ માટે આવતીકાલથી પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. રાજ્યની ૨૧ જિલ્લા પંચાયતો, ૨૩૦ તાલુકા પંચાયતો અને ૫૬ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીઓ આગામી માસમાં યોજાનાર છે. રાજ્યની ૬ મહાપાલિકા માટે ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ હવે જિલ્લા તાલુકા પંચાયતો માટે ઉમેદવાર પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલ ૨જી નવેમ્બરથી ત્રણ દિવસ માટે પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો પ્રારંભ થનાર છે. ત્રણ દિવસ માટે બેઠકોનો દોર ચાલુ રાખીને ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરામાં આવશે. પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની આવતીકાલે મળનારી બેઠકમાં કચ્છ જિલ્લા તાલુકા પંચાયતો અને પાંચ નગરપાલિકાઓ માટે સંભવિત ઉમેદવારો અંગે જિલ્લાના આગેવાનો સાથે ચર્ચા વિચારણા કરીને આખરી ઉમેદવારોની પસંદગી કરી નામોની યાદી પર મંજુરીની મહોર મારીને જિલ્લા પ્રમુખને યાદી સોંપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે કચ્છ ઉપરાંત અન્ય પાંચ જિલ્લા માટે પણ જિલ્લા પંચાયત તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓ માટે ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. ત્રણ દિવસની મેરેથોન બેઠકમાં ભાજપ દ્વારા તમામ ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૦ તાલુકા પંચાયતો અને ૫૬ નગરપાલિકાઓ માટે ઉમેદવાર પસંદગીની પ્રક્રિયાઓ પુર્ણ કરવામાં આવશે. કારણ કે આગામી પમી નવેમ્બરથી ઉમેદવારી પત્રો ભરાવાની શરૂઆત થશે.

સિનિયર સિટિઝન્સ કાઉન્સીલ દ્વારા નાકીશક્તિને સલામ કરવાના ભાવથી વિશિષ્ટ પ્રતિભાસંપન્ન મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વિવિધ ક્ષેત્રોમાં મહત્ત્વનું યોગદાન આપનારાં આ મહિલાઓમાં કુંદનબેન દવે, શર્મિષ્ઠાબેન દવે, લતાબેન ચોક્સી, સરોજબેન દેસાઈ, મીનાબેન શાહ, ઈન્દુબેન અમરાવતકર, આશાબેન સરવૈયા અને પારૂલ પરમારનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

રવિવારે સાંજે ૭.૩૦ કલાકે ઘ-રોડ પર એક કારચાલકે બેફામ ગતિએ કાર ચલાવતાં સાઈકલસવારને ટક્કર મારતા કાર પરનો કાબુ ગુનમાવતાં કાર ડીવાઈડર પર ચઢી ગઈ હતી. કારચાલક ગભરાઈએ કાર મૂકી ફરાર થઈ ગયો હતો. સાઈકલસવારને નાની-મોટી ઈજાઓ થવા પામી છે.

આજે છ મનપામાં ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ

રાજ્યની ૬ મહાનગરપાલિકાઓ માટે આવતીકાલે ચૂંટણી જાહેરનામુ પ્રસિદ્ધ થશે તેની સાથે જ ઉમેદવારીપત્રો ભરાવાની શરૂઆત થશે.

રાજ્યની ૬ મહાનગરપાલિકાઓ અમદાવાદ, રાજકોટ, બરોડા, સુરત, ભાવનગર અને જામનગરની મુદત પુરી થતાં આ મહાપાલિકાઓની ચૂંટણીઓ જાહેર કરવામાં આવી છે. આ માટે આવતીકાલ રજી નવેમ્બરે ૬ મહાપાલિકાઓની ચૂંટણી માટે જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવશે તેની સાથે જ ઉમેદવારી પત્રો ભરાવાની શરૂઆત થશે. આવતીકાલે ચૂંટણી જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ૬ મહાનગરપાલિકા મત વિસ્તારોમાં ચૂંટણી પ્રચારના પણ શ્રી ગણેશ થશે.

ધો-૧૨ ક્રમિક વર્ગ વધારાને ઈન્ડેક્ષ નંબરમાં આનાકાની

ઇન્ડેક્ષ નંબરની ફાળવણી નહીં કરવામાં આવે તો બોર્ડની પરીક્ષાના ફોર્મ કઈ રીતે ભરી શકાશે તેવો પ્રશ્ન સર્જાયો

અમદાવાદ, તા.૧

રાજયમાં ધોરણ-૧૨ના ક્રમિક વર્ગવધારાને ઈન્ડેક્સ નંબર ફાળવવામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. રાજયની ઉચ્ચત્તર માધ્યમિક કેટલીક શાળાઓનાં ક્રમિક વર્ગ વધારા અન્વયેના ધોરણ ૧૨ના વર્ગોને ઈન્ડેક્સ નંબરની ફાળવણી નહિં કરવામાં આવે તો વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાના ફોર્મ કેવી રીતે ભરી શકશે. તેવો સવામણનો સવાલ શિક્ષકો અને વિદ્યાર્થીઓમાંથી ઉઠવા પામ્યો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાનારી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના ઓનલાઈન આવેદન પત્રો ભરવાની કાર્યવાહી અત્યારે ચાલુ છે.

આ આવેદન ફોર્મ આગામી તારીખ ૧૧મી સુધી જ ભરી શકાશે. દરમિયાન આવેદનફોર્મ ભરવા માટેના જરૂરી એવા ઈન્ડેક નંબર હજુ સુધી સળંગ એકમં બાદના ક્રમિક વર્ગવધારો (ધો-૧૨)ને નહિ ફાળવવામાં આવતા વિદ્યાર્થીઓ પરીક્ષાનાં ફોર્મ કેવી રીતે ભરી શકશે. તેવો સવામણનો સવાલ ઉઠવા પામ્યો છે. કારણ કે, આવેદન ફોર્મ ભરવામાં સમય ઓછો હોવા છતાં શિક્ષણ બોર્ડ દ્વારા આજપર્યત ઈન્ડેક્સ નંબરની ફાળવણી કરવામાં આવી નથી. જેને લઈને ભારે ઊહાપોહ મચી ગયો છે.

શિક્ષણ બોર્ડ દ્વારા આજપર્યત ઈન્ડેક્સ નંબર ફાળવવાનો પેચીદો પ્રશ્ન હલ થવામાં સમય વિતી જશે. આથી ડીઈઓએ પ્રાયોરીટીના ધોરણે ઈન્ડેક્સ નંબર ફાળવવાનો પ્રશ્ન હાથ પર લઈને નિરાકરણ લાવવું જરૂરી હોવાનો બળાપો ઠલવાઈ રહ્યો છે.

ગુજરાત યુનિવર્સિટીમાં આજે એકેડેમિક કાઉન્સિલની બેઠક

નવી ૪૦ જેટલી કોલેજોને મંજુરી, પીએચડીમાં પ્રવેશની લાયકાત નિર્ધારિણ સહિત મામલે નિર્ણય થાય તેવી શક્યતા

અમદાવાદ, તા.૧

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની બેઠક આવતીકાલે યોજાનારી છે. યુનિવર્સિટીનાં કુલપતિ એન.એન.પટેલની અધ્યક્ષતામાં મળનારી આ એકેડેમીક કાઉન્સીલની બેઠકમાં અનેક મહત્વપૂર્ણ બાબતો અંગે ચર્ચા કરીને મંજુરી આપવામાં આવશે. જેમાં યુનિવર્સિટી અંતર્ગત નવી ૪૦ જેટલી કોલેજોને મંજુરી, પીએચડીમાં પ્રવેશની લાયકાત નિધારણ સહિતના મામલે મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવે તેવી શકયતા વ્યક્ત કરાઈ રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ પહેલા ૩૦મી ઓકટોબરનાં રોજ યોજાવાની હતી.

જો કે અગમ્ય કારણોસર તે દિવસે બેઠક રદ કરવામાં આવી હતી. ત્યારે હવે આવતીકાલે એકેડેમિક કાઉન્સિલની બેઠક મળવાની છે આ બેઠકમાં આગામી શૈક્ષણીક વર્ષ ૨૦૧૫-૧૬ માટે નવી કોલેજોને મંજુરી સહિતના મામલે મહત્વપૂર્ણ નિર્ણય લેવાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ કોલેજોને યુનિવર્સિટી સત્તામંડળની મંજુરી મળી ચુકી છે. જે ૪૦ કોલેજો પૈકી ૨૦ કોલેજોને શરતી મંજુરી અપાઈ હતી. તેવી કોલેજોને મંજુરી આપવા મામલે આવતીકાલે મળનારી યુનિવર્સિટી એકેડેમીક કાઉન્સીલની બેઠકમાં નિર્ણય લેવામાં આવશે. આ ઉપરાંત યુનિવર્સિટીમાં પીએચડીની પ્રવેશની લાયકાતને લઈને ચાલી રહેલ વિવાદ અંને પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવે તેમજ વિવાદ મામલે કોઈ મોટો નિર્ણય લેવામાં આવે તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

ખુલ્લેઆમ ટ્યુશન ચલાવતા શિક્ષકોની સામે ઉદાસીનતા

મોટાભાગની શાળાઓના શિક્ષકો ક્લાસીસ, ગ્રુપ ટ્યુશન, ઘરે ટ્યુશન કરીને નિયમનનો ભંગ કરી રહ્યા છે : અહેવાલ

અમદાવાદ, તા.૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ રાજયની ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓનાં શિક્ષકો પર પ્રતિબંધ મૂકેલ છે. તેમ છતાં પણ રાજયની કુલ શાળાઓ પૈકીની મોટાભાગની શાળાઓના શિક્ષકો કલાસીસ, ગ્રુપ ટ્યુશન અને ઘરે ટ્યુશન કરીને નિયમોની જ ઐસીતૈસી કરી રહ્યા છે. આ અંગે અનેક વખત ઉચ્ચસ્તરીય રજુઆતો કરવામાં આવી હોવા છતાં પરીણામ શૂન્ય રહેવા પામ્યું છે.

રાજયનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ જ્યારે શિક્ષણ મંત્રી હતા ત્યારે તેમણે ખાનગી ટ્યુશન ચલાવતા ગ્રાન્ટેડ શાળાઓનાં શિક્ષકો સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. તેમજ ખાનગીમાં ટ્યુશન લેતા શિક્ષકોને સસ્પેન્ડ કરવા સુધીની કાર્યવાહી કરવાની શરૂઆત કરવામાં આવી હતી. જો કે રાજયમાં ખાનગી ટ્યુશન પર પ્રતિબંધ હોવા છતાં પણ શિક્ષકો ટ્યુશન કરી રહ્યા છે. ત્યારે થોડા સમય પહેલા જ રાજયનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે જો હવે કોઈ શિક્ષક વિભાગે પણ ટ્યુશનિયા શિક્ષકો સામે કડક પગલાં ભરવા માટે રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીને સૂચના આપી હતી. આ સુચના વચ્ચે પણ ગ્રાન્ટેડ સ્કુલના ધોરણ ૮ અને ૧૨માં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી સહિતના જુદા-જુદા વિષયો ભણાવતા શિક્ષકો એક ગ્રુપ બનાવીને પોતાના ઘરે ટ્યુશન તથા ક્લાસીસ દ્વારા તગડી ફી લઈને વિદ્યાર્થીઓને ટ્યુશન આપી રહ્યા છે. જો કે ખુલ્લે આમ ટ્યુશન ક્લાસીસ ચલાવતા આવા શિક્ષકો તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. જ્યારે શિક્ષણ, વિભાગનાં અધિકારીઓ આવી કોઈ માહિતી ન મળી હોવાનું જણાવી સાબીતી મળશે તો કાર્યવાહી કરીશું તેવી સુફીયાણી વાતો કરી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા સ્કાઉટ ગાઈડના રાજ્યપાલ પુરસ્કાર પ્રાપ્ત કરનાર જિલ્લાના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય સેક્ટર-૩૦ ખાતે યોજવામાં આવ્યું હતું. જે પ્રસંગે જિલ્લાના મુખ્ય કમિશનર રતીભાઈ જોષી, મંત્રી અંજનાબેન ચૌધરી, ઉપપ્રમુખ યુવરાજસિંહ વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્ય પુરસ્કાર મેળવવા માટેની પૂર્વ તૈયારી માટે ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘના પ્રતિનિધિ રેખાબેન જાદવે તલસ્પર્શી માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પરીક્ષા માટે તૈયાર કર્યા હતા. આ કાર્ય શિબિરમાં પ્રાથમિક અને માધ્યમિકના કુલ ૬૨ જેટલા વિદ્યાર્થીઓએ શિબિરમાં ભાગ લીધો હતો. તેમની સાથે શાળાના શિક્ષકો પણ આ કાર્ય શિબિરમાં હાજર રહ્યા હતા. **(તસવીર : દિપક જાની)**

હાર્દિકની પુછપરછમાં અનેક વિગત સપાટીએ

અમદાવાદ, તા.૧

હાર્દિક પટેલની મુશ્કેલી હાલ ઓછી થાય તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. હાર્દિક પોતાના સાથીઓ સાથે કોડ ભાષામાં વાત કરતો હોવાની વિગત સપાટી ઉપર આવી છે. જો કે, આને સમર્થન મળી રહ્યું નથી. હાર્દિક કોડ ભાષામાં પ્રસાદ, શ્રદ્ધાંજલિ આપો અને બ્લડ બેંક બનાવો જોવા કોડ ભાષાની અંદર વાત કરતો હતો. પ્રસાદ આપો એટલે પોલીસને માર મારવાનો સમાવેશ થાય છે. જ્યારે શ્રદ્ધાંજલિ આપવાનો મતલબ પોલીસને મોતને ઘાટ ઉતારી દેવાનો અર્થ થાય છે. તપાસ દરમિયાન હાર્દિક પટેલને કોણ ફંડ આપતું હતું, ક્યારે અને કેમ આપતા હતાં તે અંગે પણ માહિતી મળવાની શક્યતા છે. આ ઉપરાંત ઈન્ટસેપ્શનમાં કૌશિક નામની વ્યક્તિનો ખુલાસો થયો છે. હાર્દિક પટેલે કૌશિક સાથે વાતચીત કરી હતી અને રાજધાની અટકાવવા અને જેલ ભરો આંદોલનની સુચના આપી હતી. આ ઉપરાંત લાલો અને કુલદીપ નામના બે વ્યક્તિની પણ પોલીસ તપાસ કરશે. આ બંને યુવકો પાસે હાર્દિકે મજબુત માણસોની માંગ કરી હતી, આ યુવકો પાસે સૌરાષ્ટ્રમાં હાઈવે બંધ કરવા, અરાજકતા ફેલાવવા માંગ કરવામાં આવી હોવાનું કહેવાય છે. વચેટિયાની ભુમિકા કોણ ભજવતુ હતું તેની પણ તપાસ કરવામાં આવશે.

રોજગારીના દાવાના સંદર્ભે ખુલાસો કરવા માટે પડકાર

ગુજરાતની જનતા સાથે છેતરપિંડી કરાઈ છે : કોંગ્રેસ

અમદાવાદ,તા. ૧

ગુજરાતની ભાજપ સરકારે મોટી મોટી જાહેરાત કરીને અમદાવાદ નજીક સાણંદ ખાતેની ૧૧૦૦ એકર કિંમતી જમીન બજાર ભાવ કરતા ઓછા ભાવે ટાટા નેનો પ્રોજેક્ટ માટે ફાળવી હતી જે તે સમયે ટાટા નેનો પ્રોજેક્ટથી ગુજરાત ઓટોહબ બનશે અને ગુજરાતના લાખો યુવાનોને રોજગારી મળશે આવા દાવાઓ સાથે સરકારી તિજોરીમાંથી ૩૩૦૦૦ કરોડ જેટલી રકમના લાભો આપ્યા છતાં વાસ્તવિકતામાં ગુજરાતના યુવાનોને કેટલી રોજગારી મળી અને કેટલી નેનો કારનું ઉત્પાદન થયું અને કેટલા ઓટો મોબાઈલ પાર્ટ્સના વિક્રેતાઓને ફાયદો થયો તે અંગે ભાજપ સરકારની પોલ ખોલતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ૧-૧-૨૦૦૯ના ઠરાવ મુજબ ટાટા પ્લાન્ટ દર વર્ષે ૫૦૦૦૦ નેનો કારનું ઉત્પાદન કરશે જેમાં ઉત્તરોત્તર વધારો કરીને ૩૫૦૦૦૦ અને બીજા તબક્કાના રોકાણમાં ટાટા નેનો કારનું ઉત્પાદન ૫૦૦૦૦૦ સુધી લઈ જશે અને તેમાં વધારાનું ૧૧૦૦ કરોડનું રોકાણ કરશે. ભાજપ સરકારે જમીન સહિત કરોડો રૂપિયાના ટાટાને નેનો કાર બનાવવા માટે આપેલા લાભો સામે ટાટા કંપનીએ દર વર્ષ ઓછામાં ઓછી ૨૫૦૦૦૦ નેનો કારનું ઉત્પાદન કરવાની સામે બે વર્ષમાં માત્ર ૩૮૬૧૩ કારનું જ ઉત્પાદન કરેલ છે. ભાજપ સરકાર અને ટાટા કંપનીએ કરેલા દસ્તાવેજો મુજબ શરતોનો ભંગ કરીને ગુજરાતની જનતા સાથે છેતરપિંડી કરીને સરકારી તિજોરીને કરોડોનું નુકસાન કર્યું છે.